# શહેરના પાણીમાં કલોરીનેશનનું પ્રમાણ વધારાયું

## આકરી ગરમીમાં રોગચાળાને કાબુમાં રાખવા કલોરીનેશનનું પ્રમાણ ૨.૫ પીપીએમ કરી દેવાતા નગરજનોમાં પાણીનો ટેસ્ટ બદલાયો હોવાની ફરિયાદ

ગાંધીનગર તા ૧૪

શહેરમાં આકરી ગરમીએ નગરજનોને બેબાકળા કરી દીધા છે. ગરમીથી બચવા નાગરીકો અનેક નુસખા અજમાવી રહયા છે. આવા સંજોગોમાં શહેરી વિસ્તારમાં પાણી જન્ય રોગચાળો પણ માંથુ ઉંચકે તેવી ભીતિ સેવાઇ રહી છે. તંત્ર દ્વારા પાણીજન્ય રોગચાળાને કાબુમાં રાખવા સતત પાણીના જરૂરી નમુના લઈ ચકાસણી હાથ ધરવામાં આવી રહી છે. જયારે શહેરમાં સપ્લાય થતા પાણી પુરવઠાનો અનુલક્ષી કલારીનેશનની માત્રા પણ ૨.૫ પી પી એમ સુધી વધારી દેવાઇ છે. કલોરીનેશનની માત્રા વધારી દેવાતા પાણીની સાથે ચા ની ચુસ્કીનો સ્વાદ પણ બદલાઈ ગયો હોવાની ફરિયાદો નગરજનોમાં ઉઠવા પામી છે.

ઉનાળાની આકરી ગરમીએ સો કોઈને આકુળવ્યાકુળ કરી દીધા છે. આકરી ગરમીથી બચવા નાગરિકો અનેક નુસખા અજમાવી રહયા છે. ગરમીના લીધે અનેકની તબિયત લથડી હોવાનું પણ ધ્યાને આવ્યુંછે. ગરમીનું જોર વધતા શહેરમાં રોગચાળોનો ખતરો પણ મંડરાયો છે. નાગરિકો આકરા તાપથી લૂંનો શિકાર બની રહયા છે. જયારે ગરમીની અસરથી ડીહાઇડ્રેશનની તકલીફ પણ વધી ગઈ છે. અમદાવાદમાં પણ ઝાડા ઉલ્ટીના કેસો વધી રહયા છે. ત્યારે પાટનગરમાં પણ રોગચાળો વકરે નહિ તે માટે તંત્ર દ્વારા જરૂરી પગલા હાથ ધરવામાં આવ્યા છે. આકરી ગરમીમાં ઝાડા ઉલ્ટી સહિત કમળો અને ટાઇફોઇડ કોલેરા જેવો રોગચાળો ન થાય તે માટે તંત્ર દ્વારા અગમચેતી દાખવવામાં આવી છે. શહેરમાં હાલ પાણીમાં કલોરીનેશનનુંપ્રમાણ વધારી દેવાયુંછે.

સુત્રોના જણાવ્યા મુજબ સામાન્ય રીતે પાણીમાં ૧.૫ થી ૨ પી પી એમ સુધી કલોરીનેશનની માત્રા રાખવામાં આવે છે. પરંતુ આકરી ગરમીમાં કલોરીનેશનનુંપ્રમાણ વધારી ૨.૫ પી પી એમ કરી દેવાયું છે. જેના લીધે બેકટેરીયા સહિત હાનિકારક તત્વોથી રક્ષણ મેળવી શકાય છે. જયારે પાણી જન્ય રોગચાળાને પણ ઉગતો ડામી શકાય છે. હાલ પાણીમાં કલોરીનેશનની માત્રા વધારી દેવાતા નગરજનો પાણીનો સ્વાદ બદલાઈ ગયો હોવાની ફરિયાદ કરી રહયા છે. આ ઉપરાંત સવારે ચા ની ચુસ્કીનો સ્વાદ પણ બદલાયેલો લાગે છે.

# ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામીનું વ્યાખ્યાન

## ‘અર્ક’-વ્યાખ્યાનમાળામાં ૧૭મી મે એ ’નોખું વિચારો-અનોખા બનો’ - વિષયક વ્યાખ્યાન

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા યોજાતી ‘અર્ક‘-વ્યાખ્યાનમાળા અંતર્ગત આગામી તારીખ ૧૭ મે, ૨૦૧૫ ને રવિવારના સવારે ૯.૩૦ કલાકે ગાંધીનગર ટાઉનહૉલ, સેક્ટર-૧૭ ખાતે બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના સંત પરમ પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામી ‘નોખું વિચારો-અનોખા બનો‘ (Think Different, Be Different) વિષય પર મનનીય વક્તવ્ય આપશે.



જીવનની આંતરિક સમૃદ્ધિ વધે અને જીવનની સાર્થકતા માટેનો અભિગમ કેળવાય એ માટે આંતરખોજ જરૂરી છે. ‘અર્ક‘-વ્યાખ્યાનમાળાના આયોજનથી ગાંધીનગર કલ્ચરલ ફોરમ એ દિશામાં પ્રયત્નશીલ છે. આ પહેલાં સાહિત્યકાર શ્રી ગુણવંત શાહ, હાસ્યકાર અને ફિલોશૉફર શ્રી શાહબુદ્દિનભાઈ રાઠોડ અને સંતશ્રી પૂજ્ય મોરારિબાપુએ ‘અર્ક‘-વ્યાખ્યાનમાળા અંતર્ગત વક્તવ્યો આપ્યાં છે. પરમ પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામી ‘અર્ક‘-વ્યાખ્યાનમાળાનું ચોથું વક્તવ્ય આપશે.

માનવતાનો મંત્ર લઈને સમગ્ર વિશ્વમાં માનવ ઉપયોગી પ્રવૃત્તિઓ કરતા અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાનના ૯૦૦ સાધુઓ પૈકીના એક એવા પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામી ઈંગ્લેન્ડમાં ઉછર્યા હતા. અભ્યાસમાં હંમેશા અગ્રેસર રહેલા પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામી વિશ્વપ્રતિષ્ઠ ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં મેડિસિનના અભ્યાસ માટે પસંદ કરાયા હતા, તે છોડીને તેમણે ભારત આવીને સાધુ થવાનું પસંદ કર્યું હતુ. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનની કોર ક્રિએટીવ ટીમના સભ્ય એવા પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામીએ ગાંધીનગરના અક્ષરધામ અને દિલ્હીના અક્ષરધામની ડિઝાઈનમાં મહત્વનું યોગદાન આપ્યું છે.

# શહેરમાં અસહ્ય ઉકળાટ

## બે દિવસમાં ગરમીનો પારો ૪ ડિગ્રી ગગડ્યો પરંતુ ભેજનું પ્રમાણ વધતા ઉકળાટ વધ્યો : વતાવરણ પલ્ટા બાદ ગરમીનું જોર ઘટયું પણ ભેજ વધતા નગરજનો બફારાથી બેબાકળા



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં મૌસમના બદલાતા મિજાજની સાથે ગરમીનું જોર પણ હળવું થયું છે. બુધવારે બપોર બાદ અચાનક સર્જાયેલા વાતાવરણ પલ્ટાની અસરથી ગરમીનો પારો આજે પણ ગગડયો હતો. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૮.૫ ડીગ્રી નોંધાયું હતું.જો કે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધારે રહેતા નગરજનો બફારાથી બેહાલ બન્યા હતા.

ઉનાળો આક્રમક બનતા ગરમીથી જનજીવન પ્રભાવિત થયું છે. છેલ્લા ઘણા સમયથી ગરમીનો પારો ૪૨ ડીગ્રીની આસપાસ રહેતા આગ ઓકતી ગરમીએ સોને બેબાકળા બનાવી દીધા હતા.પરંતુ ગઈકાલે સર્જાયેલા વાતાવરણ પલ્ટાના અંતે ગરમીનો પારો ગગડયો છે.બુધવારે બપોર બાદ અચાનક વાવાઝોડા સાથે વરસાદ ખાબકતા સાર્વત્રિક ઠંડક પ્રસરી હતી. પરંતુ મોડીસાંજ બાદ અસહ્ય ઊકળાટ પ્રવર્તયો હતો. વરસાદી સાંજના અંતે ગરમી અદ્રશ્ય થઈ ગઈ હતી.પરંતુ બફારાથી નાગરિકો બેહાલ બની ગયા હતા. ઉનાળાની આકરી ગરમીના લીધે નગરજનો ત્રાહીમામ પોકારી ગયા છે આવા સંજોગોમાં વાતાવરણ પલ્ટા બાદ મહત્તમ તાપમાન ઘટયું છે. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૮.૫ ડીગ્રી રહયો હતો. ગરમીનો પારો છેલ્લા બે દિવસમાં ચાર ડીગ્રી સુધી નીચો ઉતરી ગયો છે. જો કે વાતાવરણ પલ્ટા બાદ વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતા નગરજનો ઉકળાટ વેઠી રહયા છે. આજે પણ દિવસ દરમિયાન સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૫ ટકા તેમજ સાંજે ૩૬ ટકા રહયું હતું.

# મુખ્યમંત્રીશ્રીની ચીન યાત્રાને શુભેચ્છા પાઠવતા મંત્રીઓ



ગાંધીનગર, તા.૧૪

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ ચીનના પ્રવાસે જવા ગુરૂવારે સવારે અમદાવાદ હવાઈમથકેથી પ્રતિનિધિમંડળ સાથે રવાના થયા હતા.

મુખ્યમંત્રીશ્રીને આ પ્રવાસની સફળતાની શુભેચ્છાઓ પાઠવવા તથા વિદાય આપવા રાજય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ સર્વશ્રી નીતિનભાઈ પટેલ, રમણભાઈ વોરા, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સૌરભભાઈ પટેલ, વિજયભાઈ રૂપાણી, બાબુભાઈ બોખિરીયા અને રાજય મંત્રીશ્રીઓ શંકરભાઈ ચૌધરી, પ્રો. વસુબહેન, રજનીભાઈ પટેલ, પ્રદિપસિંહ જાડેજા, જશાભાઈ બારડ તથા સંસદીય સચિવશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યસચિવશ્રી ડિ. જે. પાંડિયન, પોલીસ મહાનિદેશકશ્રી ઠાકુર, અધિક મુખ્ય સચિવશ્રીઓ સર્વશ્રી અલોરિયા, જે. એન. સિંઘ, પી. કે. તનેજા, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી કૈલાસનાથન, સામાન્ય વહિવટના અગ્ર સચિવશ્રી શ્રીનિવાસ, સચિવશ્રી અજય ભાદૂ સહિત અગ્રસચિવશ્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ-પદાધિકારીઓએ પણ અમદાવાદ હવાઈમથકે મુખ્યમંત્રીશ્રીને શુભકામનાઓ પાઠવી હતી.

આ સર્વે મહાનુભાવોએ શ્રીમતી આનંદીબહેનને પુષ્પગુચ્છ અર્પણ કરી શુભેચ્છાઓ આપી હતી.

# વ્યવસાયિક કોલેજોમાં ISCE વિદ્યાર્થીઓને પ્રવેશ

અમદાવાદ, તા.૧૪

વૈશ્વિક અર્થતંત્ર માટે વિદ્યાર્થીઓને સજ્જ બનાવતી દ કાઉન્સિલ ફોર ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એકઝામિનેશન્સ (સીઆઈએસસીઈ), નવી દિલ્હીની સ્થાપના ૧૯૫૮માં યુનિવર્સિટી ઓફ કેમ્બ્રિજ લોકલ એકઝામિનેશન્સ સિન્ડિકેટ દ્વારા ઈન્ટર-સ્ટેટ બોર્ડ ફોર એન્ગ્લો-ઈન્ડિયન એજ્યુકેશનની સહાયથી કરાઈ હતી તો ૧૮૬૦ના સોસાયટીઝ રજિસ્ટ્રેશન એક્ટ નં. એકસએકસઆઈ અંતર્ગત નોંધાયેલી છે. કાઉન્સિલ દ્વારા લેવામાં આવતી ધોરણ ૧૦ અને ધોરણ ૯ માટેની જાહેર પરીક્ષાઓ દિલ્હી સ્ટેટ એજ્યુકેશન એક્ટ, ૧૯૭૩ના સેક્શન ૨(એસ) હેઠળ માન્યતા પ્રાપ્ત છે. આ ઉપરાંત આ પરીક્ષાઓ કોલેજ અને યુનિવર્સિટીઝમાં ઉચ્ચ શિક્ષણ માટે રાજ્ય સરકારો-સરકારો તથા યુનિવર્સિટીઝ દ્વારા નોટિફિકેશન દ્વારા માન્ય કરાયેલી છે.


IITE

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન ગાંધીનગર

**વોક ઈન ઈન્ટરવ્યુ**

સંસ્થાની મિલકતોની જાળવણી તથા મરામત વિગેરેના કામ સારૂ કરાર આધારિત સિવિલ એન્જિનિયરની જરૂર છે. ડીગ્રી / ડિપ્લોમા ઈજનેરોએ અનુભવ તથા શિક્ષણના પ્રમાણપત્રો સાથે તા. ૨૨/૫/૨૦૧૫ના રોજ સ્થળ : રામકૃષ્ણ પરમહંસ શિક્ષણ સંકુલ, ખ-રોડ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે ૧૧.૦૦ કલાકે ઉપસ્થિત રહેવું. લાયકાતના આધારે મહેનતાણું નક્કી કરવામાં આવશે.

તારીખ : ૧૩/૫/૨૦૧૫ — કુલસચિવ

સ્થળ : ગાંધીનગર — આઈઆઈટીઈ

જાહેરાત ક્રમાંક : ક.આ./૧/૨૦૧૫



ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લીમીટેડ

સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર

ટેલીફોન: ૨૩૨૨૦૫૨૫, ૨૩૨૩૬૧૨૨

**જગ્યા ભાડેથી આપવાની છે**

સેક્ટર-૨૧ના શોપીંગ સેન્ટરમાં દુકાન નં. સી-૬ના આગળના ભાગની એક શટરની અંદાજીત ૧૬૦ ચો.ફૂટ જગ્યા ટેન્ડરની શરતોને આધિન ભાડેથી આપવાની છે. રસ ધરાવતી પાર્ટીઓએ રૂ. ૫૦૦/- રોકડા જમા કરાવી ટેન્ડર મેળવી તા. ૧૯/૫/૨૦૧૫ સુધીમાં મંડળીની ઓફીસે ટેન્ડરમાં ભાર ભરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

તારીખ : ૧૪/૫/૨૦૧૫ — જનરલ મેનેજર



ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ - ૩૮૦ ૦૧૪

મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય

પ્રવેશ જાહેરાત : ૨૦૧૫-૧૬

M.A. (પારંગત) : ૧. ગુજરાતી ૨. હિન્દી ૩. અર્થશાસ્ત્ર ૪. ઈતિહાસ ૫. સમાજશાસ્ત્ર ૬. પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન (JOURNALISM) ૭. ગાંધીવિચાર અને સામાજિક વિજ્ઞાન (સ્વાધ્યાય) ૮. કમ્પ્યૂટર વિજ્ઞાન (M.C.A.) ૯. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન (M.Lib.) (સ્નાતક કક્ષાએ ૪૦% ગુણ જરૂરી) ૧૦. સમાજકાર્ય (M.S.W.) (સ્નાતક કક્ષાએ ૫૫% ગુણ જરૂરી) અનુસ્નાતક ડિપ્લોમા : ૧. કમ્પ્યૂટર એપ્લિકેશન (P.G.D.C.A.) ૨. દશ્યશ્રાવ્ય નિર્માણ (AUDIO VISUAL) ૩. યોગવિદ્યા (ખંડ સમય) ૪. કમ્પ્યૂટર હાર્ડવેર એન્ડ નેટવર્કિંગ (PGDCHN) (કોઈ પણ વિદ્યાશાખાના સ્નાતક ૪૦% સાથે) પ્રમાણપત્ર અભ્યાસક્રમ : ૧. સંગીત (ધો. ૧૨ પાસ/નાપાસ) ૨. જૈનવિદ્યા (ધો. ૧૨ પાસ) ૩. કમ્પ્યૂટર હાર્ડવેર એન્ડ નેટવર્ક ટેક્નોલોજી (ધો. ૧૨ પાસ/નાપાસ) M.S.W. તથા M.C.A.ના ભરેલા અરજીપત્ર તા. ૧૦-૬-૨૦૧૫ સુધી તથા અન્ય વિષયના ભરેલા અરજી તા. ૧૨-૬-૨૦૧૫ સુધી સ્વીકારવામાં આવશે. ભારત સરકારના આરક્ષણ નિયમ પ્રમાણે અનુસૂચિત જાતિ (SC) ૧૫ ટકા, અનુસૂચિત જનજાતિ (ST) ૭.૫ ટકા, અન્યપછાતવર્ગ (OBC)ના ઉમેદવારો માટે ૨૭ ટકા (જેમની પાસે નોનક્રિમીલેયરનું વર્ષ ૨૦૧૪ પછીનું પ્રમાણપત્ર હોય તેવા ઉમેદવારો માટે અન્યથા તેઓની ગણતરી સામાન્ય વર્ગના ઉમેદવારોમાં કરવામાં આવશે.) તેમજ શારીરિક રીતે વિકલાંગ (PH)ને ૩ ટકા અને જમ્મુ-કાશ્મીરના રહેવાસી ઉમેદવારો માટે ૨ (બે) બેઠકો આરક્ષિત રહેશે. સંપર્ક : મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ફોન : ૪૦૦૧૬૨૭૨ ઉપરોક્ત પ્રવેશ જાહેરાતને લગતી સંપૂર્ણ માહિતી કાર્યાલય સમય બપોરે ૧૨-૦૦ થી સાંજે ૫-૦૦ દરમિયાન રૂબરૂ આવવાથી અથવા ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટ : www.gujaratvidyapith.org, www.gujaratvidyapith.ac.in પરથી મેળવી શકાશે.

તા. ૧૧-૦૫-૨૦૧૫ — રાજેન્દ્ર ખીમાણી, કુલસચિવ


# ગુડા વિસ્તારમાં વર્કિંગ વુમન હાસ્ટેલ બનાવવાની યોજના પડતી મુકાઇ

## રાજયની કોઇપણ ઓથોરીટી આ પ્રકારનું કામ ન કરી શકે તેવા નિયમોને ધ્યાને લઇ પ્રોજેક્ટ પડતો મુકાયો

ગાંધીનગર તા ૧૪

ગુડા વિસ્તારમાં વર્કિંગ વુમન હોસ્ટેલ બનાવવાની યોજના પડતી મુકવામાં આવી છે. સર્વિસ સેકટરમાં આ પ્રકારની ઓથોરીટી હોસ્ટેલ બનાવી તેનું સંચાલન કરી શકે તેવી જોગવાઈ ન હોવાના કારણે ગુડા વિસ્તારમાં વર્કિંગ વુમન હોસ્ટેલ બનાવવાનો પ્રોજેકટ પડતો મુકાયો છે. જેને ધ્યાને લઈ ગુડાના ગત બજેટમાં પણ આ મુદ્દો દુર કરી દેવાયો હતો.

ગાંધીનગર આસપાસના ગુડા વિસ્તારમાં વિકાસના નતનવા કામો હાથ ધરવામાં આવી રહયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં પીવાના પાણી પહોંચાડવા આગોતરા આયોજન માટે ઉચ્ચસ્તરીય બેઠક

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યમાં ઉનાળાની શરૂઆત થતાં જ પીવાના પાણીની કોઈજ તંગી ન વર્તાય તે માટે આજે મળેલી એક બેઠકમાં લોકોને પીવાનું પાણી પહોંચાડવા માટેનું આગોતરૂ આયોજન ઘડી કાઢવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે આરોગ્યમંત્રી નીતિનભાઈ પટેલના અધ્યક્ષસ્થાને પાણી પુરવઠા અને જળસંપત્તિ વિભાગના મંત્રી તેમજ નર્મદા નિગમના ચેરમેન સહીતના અધિકારીઓ સાથે એક બેઠક મળી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં ઉનાળો ચાલી રહ્યો છે ત્યારે રાજ્યના કેટલાક વિસ્તારોમાં આવેલા નાના ડેમો ખાલી થઈ ગયા છે તો કેટલાક ડેમોમાં પાણીનો જથ્થો ઓછો થયો છે. આવા સંજોગોમાં જો ચોમાસુ સમયસર ન બેસે અને નવા પાણી ડેમોમાં ન આવે તો પીવાના પાણીની કોઈ મુશ્કેલી ઉભી થાય તેમ છે કે નહી અને પાણી પુરતુ પહોંચાડી શકાય તેમ છે કે નહી તે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જો પીવાના પાણીની તંગી વર્તાઈ તો નર્મદા આધારીત પાણી પહોંચાડવા માટેનું શુ આયોજન છે તે અંગે પણ ચર્ચા કરવામાં આવી હોવાનું તેમજ જિલ્લા કલેક્ટરો પાસેથી જિલ્લામાં ક્યાંય પાણીની તંગી છે કે નહી તે અંગેનો અહેવાલ મંગાવવા અંગે પણ નક્કી કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.


SANGHI CEMENT — KisaN — ashirvad C. PVC, UPVC — VINAYAK 500 TMT BARS - ISI

BENELAVE BATH FITTINGS — DR.FIXIT — TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


# ભલે તલાલામાં હજુ કેસર કેરી આંબેથી ઉતરી ના હોય પણ ગાંધીનગરમાં વેચાય છે

## નગરમાં ઠેર ઠેર તલાલાની કેસર કેરી લખેલા બોકસમાં ગ્રાહકોને ભળતી જાત પકડાવાય છે : સાચી તલાલાની કેસર કેરી સૌથી મોડી લગભગ જુન માસના પ્રારંભમાં જ આવે છે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાં ઉનાળાની સીઝન પૂરબહારમાં જામી છે અને ઉનાળાનું સૌથી લોકપ્રિય ફળ કેરી બજારમાં મોટી પ્રમાણમાં વેચાઈ રહ્યું છે. કેરીની અનેક જાતો જેવી કે હાફૂસ, લંગડો, બદામ, દેશી પાયરી ઉપરાંત આશ્ચર્યજનક રીતે કેસર કેરી પણ વેચાતી જોવા મળી રહી છે. કેસર કેરી કેરીની વિવિધ જાતોમાંની સૌથી લોકપ્રિય અને સ્વાદિષ્ટ જાત ગણાય છે પરંતુ તે સૌથી મોડી પાકે છે. આમ છતાં ગાંધીનગરના બજારોમાં તલાલાની કેસર કરી બેધડક વેચાઈ રહી છે.

કેસર કેરીની મોટે ભાગે મે માસના અંતમાં પાકવાની શરૂઆત થાય છે. ગુજરાતમાં સૌરાષ્ટ્ર, વલસાડ અને કચ્છની કેસર કેરી સૌથી વધુ પ્રખ્યાત છે. પરંતુ તેમાં ગીરના તલાલા પંથકની કેસર કેરી સૌથી વધુ શ્રેષ્ઠ માનવામાં આવે છે તેથી તેની માંગ સૌથી વધુ હોય છે. તલાલા પંથકની કેસર કેરી બજારમાં લગભગ જુન મહિનાના પ્રારંભે આવતી હોય છે પરંતુ હાલ ગાંધીગરના બજારોમાં કેરી વિક્રેતાઓને ત્યાં અને અનેક ઠેકાણે લારીઓ વગેરે લઈને કેરી વેચતા ફેરિયાઓ પણ ‘તલાલા ગીરની કેસર કેરી’ લખેલા બોકસમાં બેધડક કેરીઓ વેચી રહ્યાં છે. કેટલાંક વેપારીઓને તેમજ ફેરિયાઓને આ બાબતે પૂછતાં તેઓ ગલ્લાં તલ્લાં કરવા લાગ્યા હતા જયારે કેટલાક વેપારીએ ‘સાહેબ અમે તો અમદાવાદના હોલસેલના વેપારીઓ પાસેથી તૈયાર બોકસ લાવીને વેચીએ છીએ એટલે અમને પણ પાક્કી ખબર નથી’ તેવું કહી છટકવા પ્રયત્ન કર્યો હતો. નામ નહી છાપવાની શરતે એક વેપારીએ જણાવ્યું હતું કે તલાલાની કેસર કેરી હજી આવવાને ઘણી વાર છે પરંતુ લોકોની ‘તલાલાની કેસર કેરી’ લખેલા બોકસમાં બીજી કેસર જેવી લાગતી કેરી ભરીને વેચીએ તો ચપોચપ માલ વેચાઈ જાય છે. જો આમ ના કરીએ તો અન્ય કેરીના પુરતા ભાવ મળતા નથી.




(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગરના કેરી રસિયાઓ કેસર કેરીના દિવાના છે અને તેમાં તલાલાની કેસર કેરી તો હોટ ફેવરીટ છે. આ વાતનો લાભ ઉઠાવી કેરીના વિક્રેતાઓ તેમજ ફેરિયાઓ બિન્દાસ્ત પણે ‘તલાલાની કેસર કેરી’ છાપેલા બોકસમાં કેરીની ભળતી જાત વેચી પોતાના ખિસ્સા ભરી રહ્યા છે અને નગરજનોને ખુલ્લે આમ છતરી રહ્યાં છે.


**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા — CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com